ગાંધીનગર
વેસ્ટર્ન ટાઇમ્સ
WESTERN TIMES

સ્થાપક તંત્રી : સ્વ. રામુ પટેલ
તંત્રી : નિકુંજ પટેલ

RNI Reg. No. GujGuj/1997/252
Reg. No. G-GNR-319
Valid upto 31-12-2020
Posting at RMS Ahmedabad

VOL : 23 * NO. 188 સોમવાર તા.૯ સપ્ટેમ્બર, ૨૦૧૯ ★ 9/9/2019 Gandhinagar ★ સંવત- ૨૦૭૫, ભાદરવા સુદ-૧૧

Printed & Published by **Nikunj R. Patel** on behalf of **Western Times Publications Pvt. Ltd.** Printed at **Western Times Pub. Pvt. Ltd.** Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj-Thol Road, Shilaj, Ahmedabad and **Published at** Gandhinagar Western Times, Akhbar Bhavan, Plot No. 233, Sector-11, Gandhinagar-382011. (Gujarat). **Editor :** Nikunj R. Patel **ફોન :** ૦૭૯-૨૬૪૦ ૨૮૮૦, **જાહેરાત :** ૦૭૯-૨૬૪૦ ૨૮૮૧ **ફેક્સ :** ૦૭૯-૨૬૪૦૨૮૮૨

# ચંદ્ર પર લેન્ડર વિક્રમની માહિતી મળી : સિવન

**(સંપૂર્ણ સમાચાર સેવા) બેંગ્લોર,**

ચંદ્રની સપાટી ઉપર લેન્ડર વિક્રમના લોકેશન અંગે પાકી માહિતી મેળવી લેવામાં આવી છે. આને એક રાહતના સમાચાર તરીકે પણ જોવામાં આવી રહ્યા છે. વિક્રમ લેન્ડરની ઈમેજ મળી ગઈ હોવાનો દાવો ઈસરોના વડા કે શિવાન દ્વારા કરવામાં આવ્યો છે. જો કે, હજુ સુધી કોમ્યુનિકેશન અથવા સંપર્ક સ્થાપિત થઈ શક્યા નથી. સંપર્ક સ્થાપિત કરવાના તમામ પ્રયાસો થઈ રહ્યા છે. ચંદ્રની સપાટી ઉપર લેન્ડર વિક્રમના લોકેશન અંગે માહિતી મળી ચુકી છે. ઓર્બીટર દ્વારા ફોટા મોકલવામાં આવ્યા છે. હવે વધુ માહિતી એકત્રિત કરીને અભ્યાસ કરવામાં આવી રહ્યા છે. ઓર્બીટરે વિક્રમ લેન્ડરની એક થર્મલ ઈમેજ મોકલી છે. આ વાત ઈસરોના વડા શિવાને પોતે કરી છે. ઈસરોના પ્રમુખે એમ પણ કહ્યું છે કે, લેન્ડર વિક્રમ સાથે હજુ સુધી કોઈ સંપર્ક થઈ શક્યો નથી પરંતુ ટીમ લેન્ડર વિક્રમ સાથે દૂરસંચાર સ્થાપિત કરવાના પ્રયાસોમાં વ્યસ્ત છે. ટૂંક સમયમાં જ સંપર્ક સ્થાપિત થઈ શકે છે. જો કે, ઈસરો પ્રમુખે આ વાત હજુ સુધી પાકીરીતે કરી નથી કે, વિક્રમ ચંદ્રની સપાટી ઉપર કઈ સ્થિતિમાં છે. ઈસરોની એફએસીની ટીમ આ અંગેની માહિતી મેળવવામાં લાગેલી છે કે, આખરે કયા કારણોસર લેન્ડરનો સંપર્ક ઈસરો કમાન્ડ સાથે તુટી ગયો હતો.

ઈસરોના વૈજ્ઞાનિકોએ આ પહેલા જ કહ્યું હતું કે, આગામી ત્રણ દિવસની અંદર વિક્રમ ક્યાં છે અને કઈ સ્થિતિમાં છે તે અંગેની માહિતી મળી જશે. ઈસરોના વરિષ્ઠ વૈજ્ઞાનિકોએ પહેલાથી જ કહ્યું હતું કે, ત્રણ દિવસમાં જ લેન્ડર વિક્રમના સંદર્ભમાં માહિતી મળી જશે. લેન્ડર સાથે જે સમયે સંપર્ક તુટી ગયો હતો તે જગ્યા પર ઓર્બીટરને પહોંચવામાં ત્રણ દિવસનો સમય લાગી શકે છે જેથી ત્રણ દિવસનો સમય લેવામાં આવ્યો હતો. લેન્ડિંગ સ્થળ અંગે માહિતી મળી ગઈ છે. છેલ્લી ક્ષણોમાં લેન્ડર વિક્રમ પોતાના રસ્તાથી ભટકી જતાં આને લઈને સંપર્ક ખોરવાઈ ગયો હતો જેથી સૌથી પહેલા ઓર્બીટરના ત્રણ સાધનો સિન્થેટિક અપરચર રડાર, આઈઆર સ્પેક્ટ્રોમીટર અને કેમેરાની મદદથી ૧૦ કિલોમીટરના વિસ્તારમાં તપાસ કરવાની જરૂર હજુ પણ દેખાઈ રહી છે.

વિક્રમ અંગે માહિતી મેળવવા માટે એ વિસ્તારમાં હાઈ રેજ્યુલેશનવાળા ફોટા લેવાની જરૂર દેખાઈ રહી છે. ઓર્બીટરની વય સાડા સાત વર્ષની છે અને તે ખુબ જ ઉપયોગી સાબિત થનાર છે. સાત વર્ષની અવધિ તેની રહેલી છે. આનું કારણ એ છે કે, તેની પાસે ખુબ વધારે પ્રમાણમાં ફયુઅલ છે. ઓર્બીટર ઉપર મુકવામાં આવેલા સાધનો મારફતે લેન્ડર વિક્રમ મળવાની શક્યતા દેખાઈ રહી છે તેની ભાળ મળી ગયા બાદ એક નવી આશા જાગી છે. ભારતના ચંદ્રયાન-૨ મિશનને શનિવારે વહેલી પરોઢે એ વખતે મોટો ફટકો પડ્યો હતો જ્યારે ચંદ્રની સપાટીથી માત્ર બે કિલોમીટરના અંતરે લેન્ડર વિક્રમનો સંપર્ક તુટી ગયો હતો. ઈસરોના એક અધિકારીએ નિવેદનમાં કહ્યું છે કે, વિક્રમ ઉતરી રહ્યું હતુ અને લક્ષ્યથી ૨.૧ કિલોમીટરના અંતરે હતુ ત્યારે સંપર્ક તુટી જતાં ભારે સસ્પેન્સની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. ત્યારબાદથી લેન્ડરના કોઈ સંપર્ક થઈ શક્યા નથી. આજે ઈસરોના વડા કે શિવાને માહિતી આપતા કહ્યું હતું કે, વિક્રમ લેન્ડરની ઈમેજ અમને હાથ લાગી છે. આ માહિતી હાથ લાગ્યા બાદ મૂળ ઉપર વિક્રમના ઉતરાણ અથવા તો ક્રેસ લેન્ડિંગના સંદર્ભમાં માહિતી મળી શકશે. ચંદ્રની સપાટી ઉપર વાસ્તવિક સ્થળથી ચાર પાખીય તપાસની ઈમેજ હાથ લાગી છે.

હવે વિક્રમ ઉતરાણ વેળા સોફ્ટ લેન્ડિંગ કરવામાં સફળ રહ્યું હતું કે પછી તેની ક્રેસ લેન્ડિંગ થઈ છે તેને લઈને તપાસ ચાલી રહી છે. ચંદ્રયાનના જાણકાર લોકો પહેલાથી જ માની રહ્યા છે કે, આ મિશન ૯૫ ટકા સુધી સફળ રહ્યું છે. જો વિક્રમ સાથે સંપર્ક થઈ શકશે તો આ મિશનને ઈસરોની અપેક્ષા મુજબ જ ૧૦૦ ટકા સફળ તરીકે ગણવામાં આવશે. ઉતરાણ વેળા વિક્રમની સ્થિતિ કેવી હતી તે સંદર્ભમાં માહિતી મેળવવાના પ્રયાસ થઈ રહ્યા છે. અપેક્ષિત ઉતરાણના ત્રણ મિનિટ પહેલા જ વિક્રમનો સંપર્ક તુટી ગયો હતો. સાતમી સપ્ટેમ્બરના દિવસે વિક્રમ લેન્ડર ૧.૫૩ વાગે ઉતરાણ કરનાર હતું પરંતુ તે પોતાના નિર્ધારિત માર્ગથી ભટકી ગયું હતું અને ત્યારબાદ સંપર્ક તુટી ગયો હતો. ફેલિયોર એનાલિસીસ કમિટિ દ્વારા વિક્રમના મામલામાં તપાસ કરવામાં આવી રહી છે પરંતુ પ્રાથમિક તારણો સંકેત આપી રહ્યા છે કે, થ્રસ્ટના વધારે પડતા પ્રમાણના કારણે આ સમસ્યા સર્જાઈ હતી જેના લીધે લેન્ડર અંકુશ રાખી શક્યું ન હતું. અલબત્ત પુરતી માહિતી ડેટામાં અભ્યાસ કરવામાં આવ્યા બાદ જ જાણી શકાશે. વિક્રમના સંદર્ભમાં મેડ્રિડમાં નાસાના ડીપ સ્પેશ નેટવર્ક સેન્ટરથી લિંક કરીને પણ તપાસ કરવામાં આવી રહી છે. મોરિશિયસમાં ભારતીય સ્ટેશનથી પણ માહિતી મેળવવામાં આવી રહી છે. જો કે, વિક્રમ તરફથી મેડ્રિડ અથવા તો મોરિશિયસમાંથી પણ કોઈ લિંકના સમાચાર મળ્યા નથી.જો કે, આ સંદર્ભમાં નિરીક્ષણ કરવા પુરતા પ્રમાણમાં ડેટા છે.

## લેન્ડર વિક્રમ ચંદ્રની સપાટી પર કઈ સ્થિતિમાં છે તેને લઇને સસ્પેન્સ



ઇસરો દ્વારા વિક્રમ લેન્ડરની સાથે સંપર્ક કરવાના પ્રયાસો

**કયા કયા કારણોથી લેન્ડરનો સંપર્ક ઇસરોની સાથે તુટ્યો હતો તેમાં તપાસ**

# મોદી-૨ : ૧૦૦ દિવસમાં જ અનેક સાહસી નિર્ણયો કરાયા

**(સંપૂર્ણ સમાચાર સેવા) નવીદિલ્હી,**

મોદી સરકારની બીજી અવધિના ૧૦૦ દિવસ પૂર્ણ થવાના પ્રસંગે કેન્દ્રીયમંત્રી પ્રકાશ જાવડેકરે આજે સરકારની ઉપલબ્ધીઓના સંદર્ભમાં માહિતી આપી હતી. કેન્દ્રીયમંત્રી જાવડેકરે કહ્યું હતું કે, ૧૦૦ દિવસના ગાળામાં આટલા વધારે નિર્ણય વિતેલા વર્ષોમાં ક્યારે પણ કોઈ સરકારે કર્યા નથી. તેમણે ઉમેર્યું હતું કે, કલમ ૩૭૦ની નાબૂદી, ત્રિપલ તલાક ખતમ કરવાના નિર્ણય પ્રથમ ૧૦૦ દિવસના ગાળામાં જ કરવામાં આવ્યા છે. માહિતી અને પ્રસારણ મંત્રીએ કહ્યું હતું કે, ૭૦ વર્ષથી જમ્મુ કાશ્મીર અલગ અલગરીતે દેખાઈ રહ્યું હતું. ત્યાના નાગરિકોને યોજનાઓના લાભ મળી રહ્યા ન હતા. હવે જમ્મુ કાશ્મીર અને લડાખને એવી તમામ યોજનાઓના લાભ મળવા લાગી ગયા છે જે અન્ય રાજ્યોને મળી રહ્યા છે. સમગ્ર જમ્મુ કાશ્મીર અને લડાખમાં માત્ર ૪૪-૧૫ પોલીસ સ્ટેશન છે જ્યાં કલમ ૧૪૪ અમલી છે. મોદી સરકારની મોટી સફળતા એ છે કે, પાકિસ્તાનને દુનિયાભરમાં તમામ સમક્ષ મદદ કરવાની વાત કરી હોવા છતાં પાકિસ્તાન સાથે કોઈ દેશ ઉભા રહેવા માટે તૈયાર નથી. સરકારની સાથે સાથે દેશના લોકો પણ આને લઈને ગર્વ અનુભવ કરી રહ્યા છે. કેન્દ્રીયમંત્રીએ કહ્યું હતું કે, ૧૦૦ દિવસના ગાળામાં શ્રેણીબદ્ધ નિર્ણય લેવામાં આવી ચુક્યા છે. જળના સોર્સને લઈને, જળ સંચય અને જળ સંગ્રહ, પીવાના પાણીની બચત આ તમામ નિર્ણયો તમામ લોકોના સહકાર સાથે લેવામાં આવી ચુક્યા છે. દરેક ઘરને જળનું લક્ષ્ય હવે રાખવામાં આવી રહ્યું છે. આજે પણ લાખો મહિલાઓને પાણી લેવા માટે દુર દુર સુધી જવાની ફરજ પડે છે પરંતુ હવે તેમને ઘરમાં જ પાણી ઉપલબ્ધ થશે. ગેસની સુવિધા પણ મળી રહી છે. આ દ્રષ્ટિથી ૧.૫૭ લાખ કામ થઈ ચુક્યા છે જ્યારે ૨.૧૧ લાખ કામ કરવાના લક્ષ્ય રાખવામાં આવ્યા છે. જાવડેકરે એમ પણ કહ્યું હતું કે, અતિ ઝડપથી દેશના હિતમાં નિર્ણય, તૈયારીમાં જોરદાર નિર્ણય, પ્રગતિના મહત્વપૂર્ણ, સામાજિક ન્યાયના નિર્ણયો, ગરીબો, મજુરો, ખેડૂતો, દલિત આદીવાસીઓને તમામ પ્રકારના લાભ આપવામાં આવી રહ્યા છે. તમામ વર્ગને સુરક્ષા કવચ ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યા છે. તમામ સરકારી વહીવટીતંત્રમાં પારદર્શિતા લાવવા માટે નિર્ણયો જનભાગીદારીના નિર્ણય અને વિશ્વમાં પ્રતિષ્ઠા વધારવાના પ્રયાસ થઈ રહ્યા છે. અર્થવ્યવસ્થા માટે મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. પાંચ લાખ ડોલરના અર્થતંત્રની દિશામાં સરકાર આગળ વધી રહી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, જનભાગીદારી મોદી સરકારની પ્રમુખ છે. આજ કારણસર યોગ અને હવે ફિટ ઈન્ડિયા, સ્વચ્છ ભારત, સિંગલ યુઝ પ્લાસ્ટિકની સામે ઝુંબેશ ચાલી રહી છે. એક દિવસમાં કંપની ખોલવાની સુવિધા અપાઈ રહી છે. ત્રીજી અર્થ વ્યવસ્થા બનવાની દિશામાં જે પહેલ થઈ છે તે પૂર્ણ કરાશે. પાંચ વર્ષમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ૧૦૦ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરવાની યોજના છે. દરમિયાનગીરી ખતમ કરવાની દિશામાં નિર્ણય થઈ રહ્યા છે.

### એક સમાન વેતન આપવા માટે સાહસિક નિર્ણય : કિસાનો, મજુરો, વેપારીઓને પેન્શન માટેની યોજના શરૂ : જાવડેકર

# પૂર્વોત્તરને ખાસ દરજ્જામાં કોઇપણ ફેરફાર કરાશે નહીં

**(સંપૂર્ણ સમાચાર સેવા) ગુવાહાટી,**

આસામમાં રાષ્ટ્રીય નાગરિકતા રજિસ્ટર (એનઆરસી) માટે ફાઈનલ યાદી જારી કરવામાં આવ્યા બાદ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે પ્રથમ વખત રાજ્યમાં પહોંચ્યા હતા. નોર્થઈસ્ટ કાઉન્સિલની બેઠકમાં ભાગ લેવા માટે પહોંચેલા અમિત શાહે કહ્યું હતું કે, પૂર્વોત્તરને ખાસ દરજ્જો આપનાર કલમ ૩૭૧ સાથે કોઈ ચેડા કરવામાં આવનાર છે. પૂર્વોત્તરને મળેલા ખાસ દરજ્જામાં ફેરફારની કોઈ યોજના નથી. ભાજપ સરકાર આ ખાસ દરજ્જાનું સન્માન કરે છે. અમિત શાહે કહ્યું હતું કે, ભાજપ સરકાર પૂર્વોત્તરના રાજ્યોને જે સુવિધા મળેલી છે તેમાં કોઈ ફેરફાર કરવા ઈચ્છુક નથી. મહાભારતના યુદ્ધની અંદર બબરુ વાહન હોય કે પછી ઘટોત્કચ્છ હોય બંને નોર્થઈસ્ટના હતા. અર્જુનના લગ્ન અહીં મણિપુરમાં થયા હતા. શ્રીકૃષ્ણ ભગવાનના પૌત્રના લગ્ન પણ નોર્થઈસ્ટમાં થયા હતા. જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ની નાબૂદી બાદ તેના ક્લોન ગણાતા ૩૭૧ને લઈને પ્રશ્નો ઉઠી રહ્યા છે ત્યારે આજે અમિત શાહે આ મુજબની સ્પષ્ટતા કરી હતી. કલમ ૩૭૦ની જેમ જ કલમ ૩૭૧ને પણ ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ના દિવસે અમલી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. કલમ ૩૭૧ નોર્થઈસ્ટના છ રાજયો સહિત ભારતના ૧૧ રાજ્યોમાં લાગૂ થાય છે. બંધારણની કલમ ૩૭૧એ હેઠળ આવી કોઈપણ વ્યક્તિને નાગાલેન્ડમાં જમીન ખરીદવાના અધિકાર નથી જે ત્યાંના સ્થાનિક નાગરિક નથી. અહીં જમીનો માત્ર રાજ્યના આદિવાસીઓ જ ખરીદી શકે છે. ભારતીય સંઘના સૌથી છેલ્લે વર્ષ ૧૯૭૫માં સામેલ સિક્કિમને પણ બંધારણમાં કેટલાક અધિકાર આપવામાં આવ્યા છે.

# હરિયાણામાં ચૂંટણી પ્રચાર માટે રણશિંગુ ફુંકતા નરેન્દ્ર મોદી

**(સંપૂર્ણ સમાચાર સેવા) રોહતક,**

હરિયાણા વિધાનસભા ચૂંટણીથી પહેલા કોંગ્રેસના ગઢ ગણાતા રોહતકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પોતાની સરકારની નવી અવધિના ૧૦૦ દિવસની ઉપલબ્ધીઓનો ઉલ્લેખ કર્યો હતો. સાથે સાથે જુદા જુદા મુદ્દા ઉપર વાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે, હવે દેશમાં ઈસરો સ્પ્રીટ પ્રવર્તી રહી છે. ઈસરો સ્પ્રીટની દેશવાસીઓ પ્રશંસા કરી રહ્યા છે. ચંદ્રયાન-૨નો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, ૭મી સપ્ટેમ્બરના દિવસે રાત્રે ૧.૫૦ મિનિટે સમગ્ર દેશના લોકો ટીવી ઉપર નજર લગાવીને બેઠા હતા. લોકો ચંદ્રયાનના લેન્ડ કરવાને લઈને ઉત્સુકતાથી રાહ જોઈ રહ્યા હતા. સાતમી સપ્ટેમ્બરની રાત્રે ૧૦૦ સેકન્ડમાં જ તેઓએ એક નવી ચીજ નિહાળી હતી. આ ઘટનાએ સમગ્ર દેશને ૧૦૦ સેકન્ડની અંદર જ જગાવી દેવામાં સફળતા મેળવી હતી. સમગ્ર દેશના લોકો એક સાથે જોડાઈ ગયા હતા. હવે ભારતમાં ઈસરો સ્પ્રીટ જોવા મળે છે. હવે દેશ નકારાત્મકતાને સ્વીકારવા માટે કોઈ કિંમતે તૈયાર નથી. સફળતા અને નિષ્ફળતાના અર્થ ૧૦૦ સેકન્ડમાં બદલાઈ ગયા છે. સવા સો કરોડ દેશવાસીઓના મૂડે તેમને વધારે તાકાત આપી છે. પોતાની સરકારની સિદ્ધિઓની વાત કરતા કહ્યું હતું કે, આતંકવાદ અને મુસ્લિમ બહેનો માટે ૧૦૦ દિવસમાં કાનૂન બનાવવામાં આવ્યા છે. એનડીએ સરકારના ૧૦૦ દિવસ વિકાસ અને પરિવર્તનના રહ્યા છે. ૧૦૦ દિવસ નિર્ણય, નિષ્ઠા અને સ્વચ્છ ઈરાદાના રહ્યા છે. છેલ્લા ૧૦૦ દિવસમાં દુનિયાના લોકો જોઈ ચુક્યા છે કે, દશકો જુના પડકાર હોય કે પછી આજના પડકાર હોય ભારત હવે દરેક પડકારને સીધીરીતે પડકાર ફેંકે છે અને જમ્મુ કાશ્મીર અને લડાખના લોકોની અપેક્ષાઓને પૂર્ણ કરવામાં લાગી ગયા છીએ. હરિયાણામાં સાત લાખ ગરીબ પરિવારોને ગેસ કનેક્શન આપી દેવામાં આવ્યા છે. વડાપ્રધાને એમ પણ કહ્યું હતું કે, આ વખતે સંસદના સત્રમાં જેટલા બિલ પાસ થયા છે. જેટલું કામ થયું છે તેટલું કામ સંસદના કોઈપણ સત્રમાં છેલ્લા છ દશકમાં થયું નથી. મોડી રાત સુધી બેસીને સાંસદો દ્વારા નવા કાયદા પર ચર્ચા કરવામાં આવી છે.

અભૂતપૂર્વ વિશ્વાસની તાકાત ઉપર જ કૃષિથી લઈને દેશની સુરક્ષા સાથે જોડાયેલા મોટા મોટા નિર્ણયો સરકાર કરી રહી છે. ખેડૂતોના હિતમાં પણ આવા અનેક નિર્ણયો કરવામાં આવી રહ્યા છે જેના આધાર પર ૨૦૨૨ સુધી આવક બે ગણી કરી શકાશે. ખેડૂતોના ખર્ચને ઘટાડવા અને આવકને વધારવા માટે ધ્યાન આપવામાં આવી રહ્યું છે. પાકના યોગ્ય ભાવ ખેડૂતોને મળે અને પાકની બરબાદી ન થાય તે દિશામાં પહેલ થઈ રહી છે.

# યુદ્ધવિરામનો ભંગ કરી ફરી પાકિસ્તાન દ્વારા ગોળીબાર

**શ્રીનગર :** જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ને નાબૂદ કરવામાં આવ્યા બાદ પાકિસ્તાન દ્વારા નાપાક હરકતોનો દોર જારી રાખવામાં આવ્યો છે. જમ્મુ કાશ્મીરના રાજૌરી જિલ્લાના સુંદરબાની વિસ્તારમાં પાકિસ્તાને આજે સવારે યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કર્યો હતો જેનો જવાબ ભારતીય સેનાએ જોરદારરીતે આપ્યો હતો. પાકિસ્તાની સેના દ્વારા ટૂંકા ગાળાની અંદર જ અનેક વખત ગોળીબાર કરવામાં આવ્યો છે. પાકિસ્તાન દ્વારા સપ્ટેમ્બર મહિનામાં જ અનેક વખત ગોળીબાર કરવામાં આવી ચુક્યો છે. બંને દેશો વચ્ચે ભીષણ ગોળીબારના કારણે તંગદિલી રહી હતી. તે પહેલા બીજી સપ્ટેમ્બરના દિવસે પાકિસ્તાને પૂંચમાં યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કર્યો હતો જેમાં એક જવાન શહીદ થયા હતા. ખીણમાં ઘુસણખોરી કરવા તથા શાંતિ ભંગ કરવાના પ્રયાસો પાકિસ્તાન દ્વારા કરવામાં આવી રહ્યા છે. પાકિસ્તાન દ્વારા બીજી સપ્ટેમ્બરના દિવસે કરાયેલા ગોળીબારમાં ૨૩ વર્ષીય ગ્રેનેડિયર હેમરાજ શહીદ થયા હતા. તેઓ રાજસ્થાનન રુપનગઢ તાલુકાના નિવાસી હતા. તેમને ૨૦૧૭માં સેનામાં સામેલ થયા બાદ ઉલ્લેખનીય સેવા આપી હતી.

# વરિષ્ઠ વકીલ અને સાંસદ જેઠમલાણીનું નિધન થયું

**નવીદિલ્હી :** વરિષ્ઠ વકીલ અને રાજ્યસભા સાંસદ રામ જેઠમલાણીનું આજે સવારે અવસાન થયું હતું. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ સહિત તમામ દિગ્ગજોએ રામ જેઠમલાણીના અવસાન ઉપર દુખ વ્યક્ત કર્યુ હતું. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ પણ દુખ વ્યક્ત કર્યુ છે. જેઠમલાણી છેલ્લા બે સપ્તાહથી બિમાર હતા. તેઓ ૯૫ વર્ષના હતા. રાષ્ટ્રપતિ કોવિંદે ટ્વિટ કરીને કહ્યું હતું કે, પૂર્વ કેન્દ્રીયમંત્રી અને વરિષ્ઠ વકીલ જેઠમલાણીના નિધનથી તેઓ દુખી છે. સામાજિક મુદ્દાઓ ઉપર પોતાના વિશેષ અંદાજમાં વિચાર રજૂ કરવા માટે તેઓ જાણિતા હતા. દેશે એક પ્રતિષ્ઠિત કાયદા વિદ્વાન ગુમાવી દીધા છે. ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુએ પણ આવી જ પ્રતિક્રિયા આપી છે. મોદીએ સ્વર્ગસ્થ નેતાના આવાસ ઉપર જઈને શ્રદ્ધાંજલિ આપી હતી. મોદીએ કહ્યું હતું કે, રામ જેઠમલાણીના રુપમાં દેશે એક શાનદાર વકીલ અને પ્રતિષ્ઠિત વ્યક્તિ ગુમાવી દીધા છે. તેમના યોગદાનથી કોર્ટ અને સંસદ બંનેને ખુબ ફાયદો થયો છે. જેઠમલાણીએ ક્યારે કોઈ વિષય પર પોતાની ભાવનાઓને રજૂ કરવામાં ખચકાટની લાગણી વ્યક્ત કરી ન હતી.

દિવાળી ફેમીલી પેકેજ ટુર
જીરાવાલા® ટુરીઝમ
સિમલા મનાલી ડેલહાઉસી | ગોવા મહાબળેશ્વર લોનાવાલા | હરદ્વાર આગ્રા મથુરા
સપ્ત જ્યોર્તીલીંગ દ.ભારત રામેશ્વર કન્યાકુમારી
મૈસુર- બેંગ્લોર ઉંટી- કો.કેનાલ | જગન્નાથપુરી, કોલકત્તા, ગંગાસાગર | નેપાળ દાર્જીલીંગ કાઠમંડુ
BY AIR / RAIL / BUS / INDIVIDUAL PACJKAGE
Kerala - Darjiling - Nainital
હાઇટેક બિલ્ડીંગ, મ્યુઝીયમની સામે, દિવાન બલ્લુભાઇ સ્કુલની પાસે, પાલડી, અમદાવાદ. Ph No 26587922/ M. 9375777555, 9426755909
એફ/૪૧, પૂજન કોમ્પલેક્ષ રાજહંસ સિનેમા પાસે, શુકન ચાર રસ્તા પાસે, નિકોલ. 9409625111- 9408777333, Gandhinagar-9924020660

H.K.TRAVELS
New Launched Luxury
ડેઈલી સર્વિસ
ઉપડવાનો સમય : બપોરે ૧.૩૦ વાગે
અમદાવાદથી નાગપુર વાયા ઈન્દોર, બૈતૂલ
પાર્સલ સર્વિસ ઉપલબ્ધ
H.O.: શેફાલી શોપીંગ સેન્ટર, પાલડી
અરજન્ટ ડીલેવરી
online booking www.hktravel.in
ફોન બુકીંગ ઓફીસ
9979881489
9429893289

નવરાત્રીના ગરબા "પિયાનો" ને સંગ
PIYANO® ULTIMATE SOUND
AN ISO 9001 Certified Co. Since 1948
પાવર એમ્પ્લીફાયર, ડીજીટલ ઇકો સિસ્ટમ, માઇક્રોફોન, પ્રોફેશનલ સ્પીકર, પોર્ટેબલ
આર.જે.વકીલ ની કું.
૨૬૭/૨, દેના બેંક સામે, ગાંધી રોડ, અમદાવાદ. ફોન :- ૨૨૧૧૩૮૯૪

Dulhan Collection
સગાઈ સે બિદાઈ તક
• દહેજ ઓર બરી કે કીમતી જોડે મીલેંગે
• સલવારકમીઝ • પાર્ટીવેર • બ્રાઈડલ વેર
• સ્ટીચડ અનસ્ટીચડ શુટ • મેંહદી સૂટ
sahaili
કુર્તા
Dulha Collection
ફેન્સી કુર્તા ₹599/-
designer Samir
93282 49208
शेरवानी हाऊस
Sherwani House
Classic & Reasonable
ખુરશીદ આંટી Ph.: 079-25358734 Sundri Hall, Raikhad, Ahmedabad-380001.

Kala Niketan® (BOMBAYWALA)
1944 TO 2019
PLATINUM JUBILEE SALE
'K.N. House' Nobles, Opp. Nehru Bridge, Ashram Road. Ahmedabad-9, Tel.079-26580050/51

